ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૯-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### ‘અંદર કી બાત...’

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ મોઢું છુપાવતા ફરે છે. અડવાણીએ એમની કાર્યશૈલી સામે ખુલ્લો અસંતોષ અને વિરોધ વ્યક્ત કર્યા પછી તેઓ એમને મળવા જતાં પણ ડરે છે. જાણે કોઈ વડીલ સાથે થયેલ કરારનો વિશ્વાસભંગ કર્યો હોય એવી મનઃસ્થિતિ ધરાવતા રાજનાથ અડવાણી વિશેની વાત આવતાં જ શિયાંવિયાં થઈ જાય છે અને પ્રશ્ન ટાળી દે છે. બાકીની બધી બાબતો કોરાણે મૂકી તેઓ વાસ્તવિક્તા સામે આંખો બંધ કરી દઈ એમના પ્રિય ‘નેતા’ નરેન્દ્ર મોદીની સ્તુતિ કરવા લાગે છે. નરેન્દ્ર મોદી ભાજપના જ નહીં દેશના લોકપ્રિય નેતા છે, એટલે આ ધુવાંધાર ગુજરાતી નેતાને એમની લોકપ્રિયતાનું પ્રમાણપત્ર રાજનાથસિંહ પાસેથી મેળવવાની કોઈ જરૂર નથી. તેઓ લોકપ્રિય નેતા છે એવું તો લાલકૃષ્ણ અડવાણી જ નહીં, ખુદ રાહુલ ગાંધી પણ માને છે. પરંતુ રાજનાથસિંહની દુખતી રગ તે કોઈ જુદી જ અને અતિશય ગોપનીય બાબત છે. અડવાણીને માર્ગદર્શક અને અભિભાવક (વાલી)ની ભૂમિકામાં મૂકી દેવા પાછળ આ અંદરની કઈ વાત જવાબદાર છે તે જાણવામાં પણ દેશની પ્રજાને એટલો જ રસ હોવો જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચંડ દબાણ હેઠળ મોદીને અડવાણીની નારાજગી છતાં ઉતાવળે નેતા જાહેર કરી દેવાયા, તે મુદ્દો હવે પ્રબુદ્ધ નાગરિકોની જાણ બહાર નથી રહ્યો. રાજનાથસિંહને સંઘની સંમતિથી જ બીજીવાર પક્ષનું રાષ્ટ્રીય અધ્યક્ષપદ સાંપડ્યું છે, એ જગજાહેર બાબત છે. અડવાણીની મહત્વાકાંક્ષા પણ કોઈનાથી છાની નથી રહી. અડવાણીને બધા ભાજપના ભીષ્મપિતામહ કહેતા ફરે છે. પરંતુ આ ભીષ્મ નથી કુરુવંશની રક્ષા ખાતર કુંવારા રહેનારા મહાભારતવાળા ભીષ્મ નથી. એમને તો એકવાર યેનકેન પ્રકારેણ દેશના વડાપ્રધાન બની જવું હતું. એમની આ મહેચ્છા ખુદ અટલબિહારી વાજપેયી પણ પામી ગયા હતા. તેથી છેલ્લે છેલ્લે સાવ અપંગ થઈ ગયેલા વાજપેયીએ એમના આ સમોવડિયા નેતાને અનિચ્છાએ પણ નાયબ વડાપ્રધાનપદની નવાજેશ કરવી પડી હતી. વાજપેયી જાણતા હતા કે અડવાણી ભાજપની સંસદીય પાંખ પર નિયંત્રણ ધરાવતા હતા. ધારે તો છૂપો બળવો કરીને વાજપેયીને નિવૃત્ત કરી શકે એટલી રાક્ષસી બહુમતી ધરાવતા અડવાણીએ વખત પૂરતો સંયમ જાળવી ‘પી ઍમ ઈન વૅઈટિંગ’ તરીકે નામ નોંધાવી રાખ્યું હતું. હવે જ્યારે એમની એ મહત્વાકાંક્ષા પર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને ભાજપ મંડળીએ હંમેશને માટે પાણી ફેરવી દીધું છે ત્યારે ભાજપની સંસદીય સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે એમને નિમંત્રણ આપવા પહોંચી ગયેલા રાજનાથસિંહ અડવાનીએ શું પોતાની મહત્વાકાંક્ષા વિશે કોઈ વાત કરી હતી, જે તેઓ છુપાવવા માગતા હશે? રાજનાથસિંહે એકસાથે અનેક સવાલોનાં વમળ સર્જે એવી કૉમેન્ટ કરીને ભાજપમાં ચાલી રહેલા આંતરકલહની એક રીતે તો કબૂલાત જ કરી દીધી છે. પોતાની આ અંતરવ્યથા છુપાવવા તેઓ હવે ‘કોંગ્રેસ પોતાનો વડાપ્રધાનપદનો ઉમેદવાર જાહેર કરે’ એવી વાહિયાત માગણી કરી રહ્યા છે. કોંગ્રેસનો વડાપ્રધાનપદનો ઉમેદવાર તો ખુદ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ જાહેર કરી ચૂક્યા છે, ત્યાં એ પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય છે? રાજનાથસિંહ જાણે છે કે કોંગ્રેસ રાહુલ ગાંધીનું નામ જાહેર કરે તેની સાથે જ મોદી એમની વિશિષ્ટ મીડિયા મૅનેજમેન્ટ અને ઉદ્યોગપતિઓ સાથેની સાંઠગાંઝનો ઉપયોગ કરી દેશભરમાં સર્વેક્ષણો શરૂ કરાવી દઈ પોતે રાહુલ ગાંધી કરતાં ચડિયાતા હોવાનું સાબિત કરી દેશે. કોંગ્રેસને એમની આ ‘અંદર કી બાત’ની આગોતરી જાણ થઈ ગઈ હોવાથી કોંગ્રેસ એમને એ તક આપવા તૈયાર ન હોય તે સમજી શકાય એમ છે.

### ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા હિન્દી દિવસની ઉત્સાહભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફેકલ્ટીના તાલિમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રાષ્ટ્રભાષા હિન્દીના ગૌરવપૂર્ણ પ્રચાર અને પ્રસાર હેતુસર ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં હિન્દી ભાષા સાહિત્યની ઉત્કૃષ્ઠ રચનાઓ, પ્રાર્થના, દોહા, પદો, નાટક, ગીત અને પ્રસિદ્ધ સાહિત્યકાર પ્રેમચંદજીની રચનાઓને રસસભર રજૂઆત કરવામાં આવી હતી. વક્તાઓએ હિન્દી દિવસના મહત્વ અંગે જાણકારી આપી કાર્યક્રમને માહિતિસભર બનાવ્યો હતો.

### ઉદ્ગમ સંસ્થાના પ્રોજેક્ટ ગ્રીન હેઠળ ઠેર ઠેર વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૫

ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિઓણાં અગ્રેસર છે. તાજેતરમાં સંસ્થા દ્વારા શરૂ કરાયેલા પ્રોજેક્ટ ગ્રીનના બીજા તબક્કાનો પ્રારંભ કરી શહેરની શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટના બીજા તબક્કાની શરૂઆત પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૬થી કરવામાં આવી હતી. અમદાવાદ મેડિકલ એસોસીએશનના પ્રમુખ ડૉ. પ્રજ્ઞેશભાઈ વસરાજાની તેમજ ઉદ્ગમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષી અને શાળાના આચાર્યશ્રી સ્વાતિબા રાઓલે વૃક્ષનું મહત્વ સમજાવતા વૃક્ષના જતન અને માવજતની સમજ આપીને વિદ્યાર્થી મિત્રોને મહેમાનોના હસ્તે વૃક્ષો આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ સેક્ટર-૧૩/૧, ૨૦/૨, ૧૭, ૩૦, ૨૯/૨, ૨૪/૧ની પ્રાથમિક શાળા તેમજ જે.એમ. ચૌધરી વસંત કુંવરબા અને સરસ્વતી વિદ્યાલયમાં પણ વૃક્ષા રોપણ કાર્યક્રમ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. ઉદ્ગમ સંસ્થાની મુલાકાતે આવેલા સોશીયલ એક્ટીવીશ રાયબરેલીથી એ.કે. સિંઘ, સોશીયલ એક્ટીવીશ દિલ્હીથી ટીના શર્મા, સુરતથી મેહૂલભાઈ ચોકસી, તેમજ ઉદ્ગમ સંસ્થાના વુમન્સ ક્લબના મેમ્બર પરમજીતબેન છાબડા, મીનાબેન શાહ હાજરી આપીને વિદ્યાર્થી મિત્રોને વૃક્ષોનું મહત્વ સમજાવતા વૃક્ષના જતન અને માવજત અંગેની પ્રેરણા પુરી પાડી હતી.



૨૦૧૩ ઈલેકશન... મનમોહન વિરુદ્ધ તન, મન, ધન ધના ધન મોહન...!!

## પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૫

પેન્શનર્સ સમાજ સેકટર-૧ દ્વારા સેકટરના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તાજેતરમાં ગાયત્રી મંદિરના પરિસરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

દર વર્ષની જેમ આ વખતે પણ સેકટર-૧ના પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલિકે સ્વાગત પ્રવચન કરતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ રીતે વિદ્યાર્થીને સન્માનવાનું આ સતત પાંચમું વર્ષ છે. મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષ દવેએ અતિથી વિશેષનું પદ શોભાવ્યું હતું. આ તક ઝડપતા સંસ્થાએ પ્રોપર્ટી ટેક્ષ અંગે ખામીઓ અને અન્ય મહાનગર પાલિકાઓમાં સમયસર ટેક્ષની ચુકવણી પર આપવામાં આવતા ૧૦ ટકાના ડીસ્કાઉન્ટની પ્રથા અહીં પણ લાગુ પાડવા અંગે રજુઆત કરી હતી. સાથે સાથે પાણી અને ગટર વ્યવસ્થા પણ મહાનગરપાલિકાને તબદીલ કરવા પણ માંગણી કરેલ હતી. આ અંગે આવતા વર્ષથી ઘટતું કરવાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને હૈયાધારણ પાઠવી હતી.

તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સ્વરૂપે વિવિધ ઈનામો અર્પણ કરાયા હતા. તેમજ વર્ષો વર્ષ વધુ વિદ્યાર્થીઓ આવા ઈનામ મેળવે અને તેઓ ઉત્તરોઉત્તર પ્રગતિ કરતા રહે તેવા આર્શિવચન તેમજ હાજર વડીલો, આમંત્રિતો, મહિલાઓ અને બાળકોને પ્રસાદ આપી કાર્યક્રમનું સમાપન કરાયું હતું.

### ‘ગેમી’ દ્વારા આંતરરાષ્ટ્રીય ઓઝોન બચાવ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ (ગેમી) અને રોટરી કલબ દ્વારા ‘આંતરરાષ્ટ્રીય ઓઝોન બચાવ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

‘સ્વસ્થ વાતાવરણ એ આપણું ભવિષ્ય’ થીમના આધારિત આ સમગ્ર કાર્યક્રમમાં ઓઝોન પડને બચાવવા અંગે વિવિધ મોડેલ રજુ કરાયા હતા. વૈશ્વિક પર્યાવરણમાં થતા ફેરફારો અંગે જાગૃતિ લાવવા રાજકીય ઈચ્છાશકિત અને આંતરરાષ્ટ્રીય સહયોગ જેવી બાબતો અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ ઉજવણી દરમિયાન કવીઝ કોમ્પટીશન, ડીબેટ, પોસ્ટર પ્રેઝન્ટેશન અને સ્લોગન રાઈટીંગ જેવી સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું હતું. જેમાં વિજેતાઓન ઈનામો અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

### નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઓઝોન દિનની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુર, તા. માણસા ખાતે ‘ઓઝોન વાયુ પડ જાળવણી દિન’ની ઉજવણી ૧૬ સપ્ટેમ્બર સોમવારના રોજ કરવામાં આવશે.

એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં ઓઝોન પડ પાતળુ થવુ અને તેમાં ગાબડા પડવા એ પણ એક મોટી સમસ્યા છે. ભારત સહિતના દીર્ઘદષ્ટિવાળા ૯૩ દેશોએ ૧૬ સપ્ટેમ્બર-૧૯૮૭ના રોજ મોન્ટ્રીલ કરાર કરીને આ દિશામાં ચોક્કસ પગલા લેવાના પ્રયત્નો શરૂ કર્યા જેના ભાગરૂપે વિશ્વમાં ૧૬મી સપ્ટેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય ઓઝોન પડ જાળવણી દિન’ તરીકે ઉજવવામાં આવે છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સી.એ. શાહ પ્રાદેશિક અધિકારી જી.પી.સી.બી. નરેશભાઈ ઠાકર, અનિલભાઈ પટેલ, ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર પ્રેમીલાબેન પટેલ, આચાર્ય કન્યા વિદ્યાલય, ઉપરોક્ત તમામ મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને પૃથ્વીની માવજત કઈ રીતે થાય તેમ સમજાવવામાં આવશે. તેમ સંસ્થાના હાર્દિક મકવાણા દ્વારા જણાવ્યું છે.

## ભગવાન શ્રીગણેશનો ‘ધૂમ્રવર્ણ’ નામનો અવતાર અભિમાનાસુરનો નાશ કરનારો છે, તે શિવબ્રહ્મ-સ્વરૂપ છે, તેને પણ મૂષકવાહન જ કહેવાય છે

**પ્રસંગસર**

- માયા ભાનુપ્રસાદ દવે

ધૂમ્રવર્ણ

ધૂમ્રવર્ણાવતારશ્ચાભિમાના સુરનાશક :

આખુવાહન એવાસૌ શિવાત્મા તુ સ ઉચ્યતે ॥

ભગવાન શ્રીગણેશનો ‘ધૂમ્રવર્ણ’ નામનો અવતાર અભિમાનાસુરનો નાશ કરનારો છે, તે શિવબ્રહ્મ-સ્વરૂપ છે. તેને પણ મૂષકવાહન જ કહેવાય છે.

એક વખત લોકપિતામહ બ્રહ્માએ સૂર્યને કર્માધ્યક્ષ પદ આપ્યું. રાજયપદ પ્રાપ્ત કરી સૂર્યદેવના મનમાં અહંકાર આવી ગયો. તે જ સમયે તેમને છીંક આવી ગઇ. તેનાંથી અહંતાસુરનો જન્મ થયો. તે દૈત્યગુરૂ શુક્રાચાર્ય પાસેથી ગણેશ-મંત્રની દીક્ષા પ્રાપ્ત કરી તપ કરવા માટે વનમાં ગયો. વનમાં અહંતાસુર ઉપવાસપૂર્વક ભગવાન ગણેશનું ધ્યાન તથા જપ કરવા લાગ્યો. સહસ્રો વર્ષોની કઠિન તપશ્ચર્યા બાદ ભગવાન ગણેશ પ્રગટ થયા. તેમણે અહંતાસુરને કહ્યું, ‘હું તમારા તપથી સંતુષ્ટ છે. તમે ઇચ્છિત વર માગો.’ અહંતાસુરે તેમની પાસે સંપૂર્ણ બ્રહ્માંડ પર રાજય, અમરત્વ, આરોગ્ય અને અજેય થવાનો વર માગ્યો. ભગવાન ગણેશ ‘તથાસ્તુ’ કહીને અંતર્ધાન થઇ ગયા.

અહંતાસુરે શુક્રાચાર્ય પાસે જઇને તેમના ચરણોમાં પ્રમાણ કર્યા. પોતાના શિષ્યની સફળતાના સમાચાર સાંભળી શુક્રાચાર્ય પરમ પ્રસન્ન થયા. તેમને બધા જ અસુરોને બોલાવી તેને દૈત્યોનો સ્વામી બનાવી દીધો. આ અવસરે દૈત્યોએ અદ્‌ભૂત મહોત્સવ ઉજવ્યો. વિષયપ્રિય નામના નગરમાં અહંતાસુર સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યો. તેને સર્વાધિક યોગ્ય પાત્ર સમજીને પ્રમદાસુરે પોતાની સુંદર કન્યા તેને પરણાવી. કેટલાક દિવસો બાદ તેને ગર્વ અને શ્રેષ્ઠ નામે બે પુત્રો થયા.

એક દિવસ અહંતાસુરે પોતાના શ્વસુરની સલાહ અને ગુરૂનો આશીર્વાદ પ્રાપ્ત કરી વિશ્વવિજય માટે પ્રસ્થાન કર્યું. અસુરો દ્વારા ભયંકર નરસંહાર થવા માંડ્યો. સર્વત્ર મારામારીને કાપાકાપી થવા માંડી. આ પ્રમાણે સપ્તદ્વીપવતી પૃથ્વી અહંતાસુરના અધિકારમાં આવી ગઇ. પરમ પ્રમાદી અહંતાસુરથી ભયભીત બનેલા શેષે પણ તેને કર આપવાનું સ્વીકાર કરી લીધું. પછી અસુરે સ્વર્ગ પણ આક્રમણ કર્યું. દેવતાઓ તરફથી ભગવાન વિષ્ણુ યુદ્ધ કરવા આવ્યા, પણ તેઓ પરાજિત થઇ ગયા. સર્વક્ષ અહંતાસુરનું શાસન સ્થપાઇ ગયું. દેવો, ઋષિઓ, મુનિઓ પર્વતોમાં છુપાઇને રહેવા લાગ્યા. ધર્મ-કર્મ નષ્ટ થઇ ગયા. અહંતાસુર દેવો, મનુષ્યો અને નાગોની કન્યાઓનું અપહરણ કરી તેમનું શીલભંગ કરવા લાગ્યો. સર્વત્ર પાપ અને અન્યાયની બોલબાલા થવાઇ ગઇ.

ચારેકોરથી અસહાય થઇને દેવોએ ભગવાન શંકર અને બ્રહ્માની સલાહથી ભગવાન ગણેશની ઉપાસના પ્રારંભ કરી. સાતસો વર્ષની કઠિન સાધના બાદ ભગવાન ગણનાથ પ્રસન્ન થયા. તેમણે દેવોની વિનંતી સાંભળીને તેમનું કષ્ટ દૂર કરવાનું વચન આપ્યું.

પહેલાં ધૂમ્રવર્ણે દેવર્ષિ નારદને દૂતના રૂપે અહંતાસુર પાસે મોકલ્યા. તેમણે તેને ધૂમ્રવર્ણ ગણેશનું શરણું સ્વીકારીને શાંત જીવન વ્યતીત કરવાનો સંદેશો આપ્યો. અહંતાસુર ક્રોધિત થઇ ગયો. સંદેશો નિષ્ફળ ગયો. નારદ નિરાશ થઇ પાછા ફર્યા. ભગવાન ધૂમ્રવર્ણ ક્રોધિથ થઇને અસુર સેના પર પોતાનું ઉગ્ર પાશ છોડ્યું. તે પાશે અસુરોનાં ગળામાં વીંટળાઇને તેમને યમલોક મોકલવા શરૂ કર્યા. ચારે તરફ હાહાકાર વર્તાવા લાગ્યો. અસુરોએ ભીષણ યુદ્ધની ચેષ્ટા કરી, પણ તેજસ્વી પાશની જવાળામાં તેઓ બધી બળીને ભસ્મ થઇ ગયા. નિરાશ અહંતાસુર શુક્રાચાર્યની પાસે પહોંચ્યો. તેમણે તેને ધૂમ્રવર્ણની શરણ લેવાની પ્રેરણા આપી. અહંતાસુરે ભગવાન ધૂમ્રવર્ણના ચરણોમાં નમીને ક્ષમા માગી. તેમની વિવિધ ઉપચારોથી પૂજા કરી. સંતુષ્ટ ભગવાન ધૂમ્રવર્ણે દૈત્યને અભયદાન આપ્યું. તેમણે તેને આદેશ આપ્યો કે જયાં મારી પૂજા થતી ન હોય ત્યાં તમે જઇને રહો. મારા ભક્તોને કષ્ટ આપવાનો પ્રયાસ કદીય ન કરશો. અહંતાસુર ભગવાન ધૂમ્રવર્ણના ચરણોમાં પ્રણામ કરી ચાલ્યો ગયો. દેવગણોએ વિસ્મિત થઇને શ્રદ્ધાપૂર્વક ધૂમ્રવર્ણની પૂજા કરી તથા મુક્તકંઠે તેમનો જયઘોષ કરવા લાગ્યા.

## સ્રીઓને સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કોઇ ગંભીર બાબત સિવાય પોલીસ સ્ટેશને બોલાવી શકાતી નથી, સ્રીઓને મહિલા પોલીસ સિવાય પકડી લઇ જઇ શકાતી નથી

**મહિલા સમાજ અને કાયદો - અંક-૯**

ડો. ભાવના કે. જોશીપુરા

કાનૂની શિક્ષણ શિબિર અને તેને આધારે સામાન્ય માનવીને મળતી કાયદા અંગેની માહિતી એ બાબતે આપણે ચર્ચા કરી રહ્યા હતા. કોઇ પણ વ્યક્તિને સામાન્ય કાયદો સામાન્ય અર્થમાં સાદી ભાષામાં સમજાય એટલે કાનૂની જાગૃતિ અભિયાનની સફળતા.

કાયદાની જાગૃતિ, કાયદા સંદર્ભે જાગૃતિ, સામાન્ય અને રોજબરોજના જીવનમાં કાયદો કઇ કઇ બાબત સાથે સંકળાયેલ છે. આ બધી બાબતોની જાણકારી એ આમ માનવીને રોજબરોજના જીવનમાં સાચા અર્થમાં ઉપયોગી નીડવે છે. કોઇ વ્યક્તિ એ વ્યવસાયે વકીલ હોય, ડોકટર હોય, પ્રોફેસર હોય કે નોકરીયાત હોય, તો વળી કોઇ વ્યક્તિ સામાન્ય રોજમદાર કર્મચારી પણ હોય. વ્યક્તિને આજીવિકાનું અલગ અલગ સાધન હોઇ શકે તેથી એવું જરૂરી નથી કે બધી જ વ્યક્તિઓ બધી જ બાબતમાં નિપૂર્ણ હોય પરંતુ એટલું ચોક્કસ કે કોઇ વ્યક્તિ બિલ્ડર ન હોય છતાં પોતે મકાન ચણવું તો તેમા થનાર ખર્ચ સંદર્ભે પોતાની મેળે જ જાણકારી પ્રાપ્ત કરવી પડે. બીજી રીતે આ વાત સમજીએ તો દરેક વ્યક્તિને કાયદાનો સહારો લેવો જ પડે તેવી જીવનમાં પરિસ્થિતિ ઉભી ન થાય પરંતુ એટલું ચોક્કસ કે સામાન્ય કાયદો જાણતા હોઇએ તો ઊભી થનાર મુશ્કેલી નિવારવા સરળતાથી વિચારી શકાય. વળી કાયદાનું જ્ઞાન એવું છે કે જયારે બાહોશ વડીલો પણ એકબીજા સામે ગુચવણભર્યા કેસો લડતા હોયત્યારે આમ માનવી એવું સમજે કે ‘હું કાયદો કેવી રીતે સમજી શકું?’ આ મુદ્દો ખુબ જ અગત્યનો છે. સામાન્ય માનવી કાયદા સંદર્ભે જાગૃતિ કેળવે એ બાબતે શું કામગીરી થઇ રહી છે, એ જાણવાનું પણ જરૂરી છે.

દરેક અલગ અલગ ક્ષેત્રમાં અલગ અલગ પ્રકારના લોકોનો પ્રશ્ન પણ અલગ અલગ હોય છે. ભૂતકાળની વાત યાદ કરીએ અમદાવાદ એ ભારતનું માન્ચેસ્ટર ગણાતું અને મીલોના ભૂંગળાથી ધમધણતું અમદાવાદ, એ મીલના કામદારોની સંપૂર્ણ રોજી રોટીનો આધાર જે તે મીલ માલિક સાથે જોડાયેલો હતો.આ મિલો આર્થિક ભીંસમાં આવી. ફડચામાં ગઇ, તો વળી કેટલીક જગ્યાએ કામદારો અને માલિકના વિવિધ પ્રશ્નો ઊભા થયાં. કહેવાનો અર્થ એ છે કે કામદારને તેના માલિક સાથે પ્રશ્ન ઉદ્‌ભવે અને કામદારને ઊભો થતો પ્રશ્ન એ કામદારને ગેરકાયદેસર છૂટા કરે, કામદારને કામના પ્રમાણમાં વેતન ઓછું મળે, કામદારની હક્ક રજા, પેન્શન, મળવાપાત્ર ગ્રેચ્યુઇટી, આવા અલગ અલગ પ્રકારના પ્રશ્નો માલિક અને કામદાર વચ્ચે ઉદ્‌ભવી શકે. ઘણીવાર કંપનીઓ પણ ફડચામાં ગઇ છે. તેવી બાબત આપણે સમાચાર પત્રમાં વાંચતા હોઇએ છીએ. કંપની ફડચામાં જાય એટલે કે જે તે કંપની આર્થિક ભીસમાં આવે ત્યારે એ કંપની સાચી શકે તેમ જ ન હોય ત્યારે તેને બંધ કરવા માટેની જોગવાઇ અને કંપનીને જયારે તાળાબંધી થાય તેવા સંજોગોમાં તેમાં કામ કરતાં કર્મચારીઓને કાયદાનું પીઠબળ મળી શકે છે. માલિક અને કામદાર વચ્ચેના પ્રશ્નો માટે લેબર કોર્ટ, ઔધોગિક તકરાર માટે ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલની જોગવાઇ છે. આપણે ભવિષ્યમાં આ બાબતે વિગતવાર ચર્ચા કરવાના છીએ પરંતુ હાલમાં તો વિવિધ પ્રકારની કાયદા વિષયક તકરારો અંગે માહિતી મેળવી રહ્યા છીએ.

આપણે આગલી કોલમમાં જોયું કે, પતિ-પત્ની વચ્ચે ઊભી થતી તકરાર એમાં પણ પત્નીને ભરણપોષણની જોગવાઇ, પતિ કે પત્ની લગ્નના હક્ક પુરા કરવા કે છૂટાછેડાનો દાવો કરે, જયારે બાળકોનાં તથા વૃદ્ધ માતાપિતાના ભરણપોષણની જોગવાઇ પણ ક્રિમિનલ પ્રોસીજર કોડની અંદર કરવામાં આવી છે. આ બધી કાયદાકીય જોગવાઇને સામાજિક સલામતી સંદર્ભમાં કાયદામાં કરવામાં આવેલ છે. ગ્રાહક સુરક્ષાધારો એ પણ અસ્તિત્વમાં છે અને વૈશ્વિક લેવલે પણ ગ્રાહકના અધિકારો એ બહુ ચર્ચિત બાબત છે. રોડ પર થતાં અકસ્માત અને આ અકસ્માતમાં ઇજા પામનાર કે મૃત્યુ પામનારને અકસ્માત વળતર મળે તે અંગે અકસ્માત વળતર ધારો અસ્તિત્વમાં છે, ટૂંકમાં જોઇએ તો, અલગ અલગ પ્રકારના કાયદાઓ અસ્તિત્વમાં છે. આ પ્રકારના કાયદાઓનું સામાન્ય ભાષામાં માર્ગદર્શન આપીને લોકોને કાયદાનું શિક્ષણ આપવું એટલે ‘કાનૂની શિક્ષણ શિબિરો.’

એક રસપ્રદ ઘટના યાદ કરૂં તો શહેરના અંતરીયાળ છેવાડાના વિસ્તારમાં એક નાના ઝુંપડા પાસે રાત્રે પોલીસની જીપ ઊભી રહે છે. પોલીસ બારણાં ખખડાવે છે. ઝૂંપડામાં રૂખીબેન તેની દીકરી હંસા સાથે રહે છે. રાત્રીના દસ વાગ્યે બારણાં બંધ કરીને મા-દીકરી ઘરનાં નિરાંતે સુઇ ગયા છે. પછાત વિસ્તારમાં દરરોજ છૂટક અને પરચુરમ કામ કરતાં બહેનો આમ પણ સાંજે વહેલા પરવારીને સુઇ જતા હોય છે. સવારમાં વહેલા ઊઠીને પોતાની દૈનિક ક્રિયા, પોતાનું ઘરકામ અને સમગ્ર પરિવારની રોજીરોટી સંદર્ભે પણ ચિંતા અને જવાબદારી સેવતા અનેક બહેનો સાથે અનેકવાર મળવાનું થયું છે. દેશમાં કુલ કામદારો પૈકી ૯૧ ટકા અસંગઠિત કામદો છે અને આ અસંગઠિત ૯૧ ટકા કામદારો પૈકી ૫૦ ટકા કામદારો પૈકી ૯૧ ટકા મહિલાઓ છે.

પોતાના પતિને પૂરક રોજી રોટીમાં મદદરૂપ થનાર આ ૫૦ ટકા અંસગઠિત શ્રમિક મહિલાઓનું પણ કુટુંબ એકમમાં બહુ મોટું પ્રદાન છે.

વાત થોડી વિષય બહાર લાગશે પરંતુ જેનો પતિ રીક્ષા ચલાવતો હોય, કારખાનામાં કામે જતા હોય કે છૂટક મજૂરી કરીને માસિક રૂપિયા ૩ થી ૫ હજરા કમાતા હોય તે કુટુંબનો નિર્વાહ આટલી આવક મર્યાદામાં થઇ શકે નહીં તે કડવી વાસ્તવિકતા છે. આવા પ્રકારના કુટુંબોની સંખ્યા વિશે વિચારીએ તો કુલ સામાજિક ક્ષેત્ર આશરે ૭૮ ટકા છે. જેમાં ગરીબ, નીચલો મધ્યમ વર્ગ અને ઉપલા મધ્યમ વર્ગનો સમાવેશ થઇ જાય છે. સામાજિક ક્ષેત્રના ૭૮ ટકા પૈકી આશરે ૩૫ ટકા એ ગરીબીની રેખા નીચે જીવતા લોકો છે. કહેવાનો અર્થ એ છે કે પતિની આવક સાથે પત્નીનું ઘરે બેસીને અથવા ઘર બહાર ઘરગથ્થું કામ સાથે જોડાઇને પૂરક રોજી રોટીમાં કુટુંબને મદદરૂપ થનાર બહેનોની સંખ્યા પણ મોટી છે. આ પ્રકારના લોકોને કાનૂની જાગૃતિ કેવી રીતે ઉપયોગી થાય છે. તે સંદર્ભે પાછાં રૂખીની વાત પર આવીએ તો,

રૂખી અને તેની દીકરી હંસા અને હંસાના બાળકો ઘોર નિંદ્રામાં પોઢી રહ્યા હતા ત્યારે ઘરનાં બારણાં ખખડાવીને બહાર ઊભેલા અમલદાર ઘર ખોલવાનું કહે છે. રૂખી નિંદ્રામાંથી ઉઠીને બારણું ખોલતી નથી પરંતુ પૂછે છે કે કોણ બારણા ખખડાવે છે? સામેથી પોલીસ અમલદાર હોવાનું જણાવીને અને રૂખી વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપીંડી ફરિયાદ છે તેથી પોલીસ સ્ટેશન લઇ જવાનું જણાવે છે.

રૂખી ફરીથી મન અડગ રાખીને જવાબ આપે છે. સાહેબ, તમારી સાથે મહિલા પોલીસ છે? વળી, રૂખી વિશેષમાં કહે છે કે “મેં કોઇ ગુન્હો કરેલ નથી અને હું સ્રી છું મને કોઇ ગંભીર કારણ વગર અડધી રાત્રે પોલીસ સ્ટેશને બોલાવી શકાય નહીં.” એક મફતિયાપરાના ઝૂંપડામાંથી એક સ્રીનો કાયદાના જ્ઞાન સાથે દ્રઢ મનોબળથી અપાયેલો જવાબ એ પોલીસ અધિકારીને વિસ્મયમાં મુકી દે છે. ફરીથી પોલીસ અધિકારી કહે છે કે તમો એ રમેશ પાસેથી ટેપ રેકોર્ડર લઇને રમેશને વ્યાજે પૈસા આપેલ છે અને હવે રમેશને ટેપ પાછું આપતા નથી. પાછા અધિકારી જણાવે છે કે આ બધી તપાસમાં તમને લઇ જવા પડશે.

રૂખી ફરીથી જવાબ આપે છે અને તેમાં અદાલતમાંથી સક્ષમ અધિકારી અને વકીલ આવેલા અને અમોને કહેલ છે. “સ્રીઓને સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કોઇ ગંભીર બાબત સિવાય પોલીસ સ્ટેશને બોલાવી શકાતી નથી, સ્રીઓને મહિલા પોલીસ સિવાય પકડી લઇ જઇ શકાતી નથી.” રૂખી વિશેષમાં જણાવે છે કે સાહેબ હું અહિંયા જ રહું છું અને મારૂં જીવન અને રોજીંદુ કામ આ વિસ્તાર સાથે જોડાયેલ છે અને હું જ સવાર આપના પોલીસ સ્ટેશને આવી જઇશ પરંતુ આપ પણ મને શા માટે પોલીસ સ્ટેશન બોલાવાની છે તે સંદર્ભે લેખિતમાં જાણ કરશો જેથી હું મારો જવાબ બરાબર આપી શકું.

સ્રીઓને જો પોલીસ સ્ટેશન બોલાવવાની થાય તો તેણીને શા માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવે છે તે પણ જાણકારી આપવી જોઇએ. જો કે સામાન્ય માનવીને પણ આ બાબત સ્પર્શે છે. વળી, કોઇ પણ વ્યક્તિને જો પોલીસ ધરપકડ કરે તો પણ તેના નજીકના સગાને તે બાબતે તુરત જ જાણકારી આપવાની હોય છે. સામાન્ય માણસને એવો ખ્યાલ ન છે કે રીમાન્ડ માંગવામાં આવે એટલે માર મારવા આવે પરંતુ કોઇ પણ વ્યક્તિને શારીરિક પીડા પહોંચાડવાનો પણ સરકારી અમલદારને અધિકાર નથી. અત્રે એ નોંધ લઇએ કે જયારે આરોપીને પણ અદાલત સમજ રજૂ કરવામાં આવે ત્યારે અદાલતના ન્યાયાધીશ પહેલો પ્રશ્ન એવો પૂછે છે કે એ વ્યક્તિને પોલીસ વિરૂદ્ધ ફરિયાદ છે કે કેમ? વ્યક્તિ જયારે પોલીસ કસ્ટરીમાં હોય ત્યારે તેને પૂછપરછમાં સહકાર આપવો જોઇએ તે બાબત સત્ય છે. પરંતુ કોઇ પણ વ્યક્તિને પોલીસ કસ્ટડીમાં માર મારી શકતી નથી.

રૂખી વિરૂદ્ધ શું ફરિયાદ હતી? રૂખી બીજે દિવસે પોલીસ સ્ટેશન ગઇ? મળીએ આવતે અંકે...